# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MP PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાંથી રાષ્ટ્રવ્યાપી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન " અને આઠ-મા રાષ્ટ્રીય પોષણ મહા-અભિયાનનો આરંભ કરાવ્યો. આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું , આ અભિયાન માતાઓ અને બહેનોને સમર્પિત છે. એક પણ મહિલા માહિતી કે સંશાધનોના અભાવમાં બીમારીનો શિકાર ન થાય તે સરકારનો ઉદ્દેશ હોવાનું તેમણે ઉંમેર્યું. આ પ્રસંગે વિશ્વકર્મા ભગવાનની જયંતી નિમિત્તે પ્રધાનમંત્રીએ સૌને શુભેચ્છાઓ પાઠવી.

(BYTE: PM NARENDRA MODI)

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી આ અભિયાનના પ્રારંભનો કાર્યક્રમ નિહાળ્યો હતો.

. . . . . . . . . . . . .

# BLOOD DONATION CAMP IN STATE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા રક્તદાન અમૃત મહોત્સવના બીજા તબક્કાની વિષયવસ્તુ હેઠળ વિશ્વની સૌથી મોટી મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું. શિબિરનું ઉદ્ઘાટન કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, પ્રધાનમંત્રીના “સેવા પરમો ધર્મ ”ના સંકલ્પથી પ્રેરિત આ ઐતિહાસિક પહેલ માનવતા પ્રત્યે કરુણા અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરશે.

(BYTE: HARSH SANGHAVI, HOME MINISTER)

. . . . .

# NAMO STADIUM BLOOD DONATION

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલી મહા રક્તદાન શિબિરની રાજ્યપાલ આચાર્ય દેવવ્રત , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ,  આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સહિતના મહાનુભાવોએ મુલાકાત લીધી.
આ પ્રસંગે મુખ્યમંત્રીએ રક્તદાનનો સંકલ્પ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીમાં લોકોના વિશ્વાસનું પ્રતિબિંબ હોવાનું જણાવ્યું.

રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવતા તેમનું સમગ્ર જીવન રાષ્ટ્રસેવા અને દેશના વિકાસ માટે સમર્પિત રહ્યું હોવાનું કહ્યું. તેમણે આ મહા રક્તદાન શિબિરના આયોજનની પણ પ્રશંસા કરી.

. .

# Swachh BHARAT

પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે આજે રાજ્યભરમાં વિવિધ જગ્યાએ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું. તે અંતર્ગત કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતમાં સ્વચ્છતા ઝૂંબેશનો પ્રારંભ કરાવ્યો જ્યારે ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષ શંકર ચૌધરીએ ગાંધીનગરમાં પથિક આશ્રમ એસટી બસ મથક ખાતેથી સ્વચ્છતા અભિયાન નો પ્રારંભ કરાવ્યો. દરમિયાન તેમણે મહાનગરપાલિકાના અધિકારીઓ હોદ્દેદારો , સહિત મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓએ સ્વચ્છતા કરી શપથ લીધા હતા.

અરવલ્લીમાં રાજ્યકક્ષાના અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારે સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ શ્રમદાન કર્યું.

તો ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાની અધ્યક્ષતામાં સુરેન્દ્રનગરના ટાગોરબાગ ખાતે " સ્વચ્છતા હી સેવા અભિયાનનો શુભારંભ કરાયો.

ઉપરાંત આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત કર્મચારીઓએ સ્વચ્છતાના શપથ ગ્રહણ કર્યા.

તેમજ પાટણ, છોટાઉદેપુર જિલ્લામાં પણ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા.

. .

# GST REFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચિરપરથી આગામી પેઢીના વસ્તુ અને સેવા કર- GST સુધારાની જાહેરાત કરી હતી. લોકોનું જીવન સરળ બનાવવા માટે ત્રણ સપ્ટેમ્બરે GST પરિષદે અનેક ક્ષેત્રમાં કરના દરમાં ઘટાડાનો નિર્ણય કર્યો છે. કૃષિ ક્ષેત્રે ખાસ કરીને ટ્રૅક્ટર પર GST દરમાં નોંધપાત્ર સુધારા કરાયા છે. આ અંગે અમરેલીના ટ્રેક્ટર વેચાણ કર્તાએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : ટ્રેક્ટર વેચાણ કર્તા)

. . . . .